પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૨ | ૧૩ ડીસેમ્બર, ૨૦૨૦, રવિવાર; કારતક વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતોએ દિલ્હી-જયપુર, દિલ્હી-આગ્રા હાઈવે જામ કર્યો

## કૃષિ કાયદા વિરોધના ખેડૂત આંદોલને વેગ પકડ્યો : ઠેર-ઠેર પોલીસનો બંદોબસ્ત : વધુ ખેડૂતો દિલ્હી પહોંચ્યા : સરકારની સામે લડત ઉગ્ર બનવાના એંધાણ : ૧૪મીએ સરકારી ઓફિસો પર ઘેરો નાખશે

નવી દિલ્હી, તા.૧૨

કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોનું આંદોલન વેગ પકડી રહ્યું છે. ખેડૂતોએ કરેલી જાહેરાત પ્રમાણે તેમણે ટોલ પ્લાઝા ફ્રી કરવાનું શરૂ કરી દીધું છે. અંબાલાના શંભુ ટોલ



પ્લાઝા પર વાહનો ટોલ ચૂકવ્યા વગર જ પસાર થઈ રહ્યાં છે. કરનાલનું બસ્તારા ટોલ પ્લાઝા પણ ફ્રી કરવામાં આવ્યું છે. જ્યારે ખેડૂતો આજે દિલ્હી-જયપુર અને દિલ્હી-આગ્રા હાઈવે જામ કર્યો હતો.

ખેડૂતોના ટોલ ફ્રી કરવાની ચેતવણીને ધ્યાનમાં રાખતાં ફરીદાબાદ પોલીસ દિલ્હી-હરિયાણાના રસ્તામાં આવતાં ૫ ટોલ પ્લાઝા પર ૩૫૦૦ પોલીસકર્મી તહેનાત કર્યા. બદરપુર, ગુરુગ્રામ-ફરીદાબાદ, કુંડલી-ગાઝિયાબાદ-પલવલ, પાલી ક્રશન ઝોન અને ધૌન ટોલ પ્લાઝા પર પ્રદર્શનકારીઓ પર ચાંપતી નજર રાખવામાં આવી હતી.

ખેડૂતોએ ૧૨ ડિસેમ્બરે દેશભરના તમામ ટોલનાકાઓને ટોલ ફ્રી કરવાનું એલાન પણ કર્યુ હતું. આ સાથે આંદોલનકારી ખેડૂતોએ ૧૪ ડિસેમ્બરથી જીલ્લા ઓફિસ પર જીલ્લા અધિકારીઓ અને સરકારી ઓફિસો પર ઘેરો કરવાની રણનીતિ પણ તૈયાર કરી લીધી છે.

આંદોલનમાં સામેલ થવા માટે પંજાબના અલગ અલગ જિલ્લાના ૫૦ હજાર ખેડૂત શુક્રવારે દિલ્હી માટે રવાના થયા હતા. તેઓ આજે સાંજ સુધીમાં કુંડલી બોર્ડર પહોંચ્યા હતા. જ્યારે ટીકરી અને સિંધુ બોર્ડર પર અત્યાર સુધી ૧૧ ખેડૂતનાં મોત થઈ ચૂક્યા છે.

ખેડૂતોએ હવે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. સરકાર સાથે અનેક ચરણની વાતચીત અને તાજેતરમાં મોકલેલા પ્રસ્તાવને ફગાવ્યા બાદ ખેડૂતોએ એકતરફ આંદોલનને વેગ આપવાનો નિર્ણય કર્યો છે તો બીજીતરફ ન્યાયિક રીતે પણ સરકારને પડકારવાનું મન મક્કમ બનાવ્યું છે.







